
# ઉત્તરાખંડમાં ભારે વરસાદના લીધે એલર્ટ

દહેરાદૂન, તા.૨૮

ઉત્તરાખંડમાં ભારે વરસાદના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઇ ગયું છે. ઉત્તરાખંડમાં છેલ્લા ૧૦ દિવસ દરમિયાન ભારે વરસાદ બાજ હવે હવામાન વિભાગે રાજ્યમાં આગામી ૪૮ કલાક દરમિયાન ફ્રીથી ભારે વરસાદ પડવાની ચેતવણી જારી કરી છે. જેથી હવે એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. બીજી બાજુ ભારે વરસાદના કારણે રાજ્યમાં ભેખડો ધસી પડવાના કેટલાક કેટલાક બનાવો બન્યા છે. ભેખડો ધસી પડવાના કારણે ઓછામાં ઓછા ૬ લોકોના મોત થયા છે. રાજ્યના નૈનિતાલ, ચમોલી, ચંપાવત, ઉત્તરકાશી અને પાટનગર દહેરાદુન સહિત મોટા ભાગના વિસ્તારોમાં ભારે વરસાદ માટે એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. ચેતવણીના કારણે સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. ઇમરજન્સી ટીમોને સાવધાન રહેવા કહેવામાં આવ્યું છે. ૧૬-૧૭ જુલાઇના દિવસો થયેલા ભારે



વરસાદથી મોટા ભાગની નદીઓમાં પુરની સ્થિતી ઉભી થઇ ગઇ છે. અધિકારીઓએ આ નદિઓની આસપાસના વિસ્તારમાં વધારે સાવધાની રાખવા માટે કહ્યું છે. ઉત્તરાખંડના ધારચુલા વિસ્તારના પાંગલામાં શનિવારથી ભારે વરસાદ થઇ રહ્યો છે.

ભેખડો ધસી પડવાના બનાવો પણ બની રહ્યા છે. જિલ્લાના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે કાટમાળ હેઠળથી ત્રણ લોકોને જીવતા બહાર કાઢવામાં આવ્યા છે. ઉત્તરાખંડના મુખ્યપ્રધાન હરીશ રાવત પરિસ્થિતી પર નજર રાખી રહ્યા છે. ભેંખડો ધસી પડવાના કારણે મોતનો આંકડો વધીને છ પર પહોંચી ગયો છે. ઉત્તરાખંડમાં ભારે વરસાદના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. ચારધામની યાત્રાએ ગયેલા લોકો પણ જુદી જુદી જગ્યાઓએ અટવાઈ પડ્યા છે. જો કે, તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે.

**સરકારે સંસદમાં સ્પષ્ટીકરણ કરવું જોઇએ**

## નીતિન ગડકરીના મામલે તપાસ થવી જોઈએ : સિંહ

નવીદિલ્હી, તા.૨૮

નીતિન ગડકરી જાસૂસી પ્રકરણને લઈને વિવાદ વધુ ગંભીર બની ગયો છે. કોંગ્રેસ પાર્ટીએ આ મુદ્દે સરકારને ભીંસમાં લેવાની તૈયારી કરી લીધી છે. ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે કહ્યું છે કે, કેન્દ્રીયપ્રધાન નીતિન ગડકરીના આવાસ ઉપર ગુપ્ત સાધનો મળવાની બાબતમાં તપાસ થવી જોઇએ તથા આ મુદ્દે સરકારે સંસદમાં સ્પષ્ટીકરણ કરવું જોઈએ. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી દ્વારા આયોજિત ઈફ્તાર પાર્ટીમાં પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે આ મુજબની વાત કરી હતી. મનમોહનસિંહે કહ્યું હતું કે, જો મંત્રીઓના આવાસની જાસૂસી થાય છે તો આ સારા સંકેત નથી. આમા તપાસ થવી જોઈએ. સરકારે આ સંદર્ભમાં સંસદમાં સ્પષ્ટીકરણ કરવું જોઈએ. મિડિયા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે, માર્ગ પરિવહન અને રાજમાર્ગ પ્રધાન નીતિન ગડકરીના આવાસ ૧૩, તીન મૂર્તિ લેનમાં તેમના આવાસમાં ઉચ્ચ ક્ષમતાવાળા જાસૂસી સાધનો મળી આવ્યા છે. બીજી બાજુ કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ કહ્યું છે કે, જો વરિષ્ઠ પ્રધાન નીતિન ગડકરીના આવાસ પર વાત



સાંભળનાર ગુપ્ત સાધનો લાગેલા હોવાના અહેવાલ યોગ્ય છે તો આ ખુબ જ ગંભીર મામલો છે. મંત્રીમંડળના સભ્યો વચ્ચે વિશ્વાસનો અભાવ દેખાઈ રહ્યો છે. પારસ્પરિક વિશ્વાસ દેખાતો નથી. સરકારે આ સંદર્ભમાં સ્પષ્ટતા કરવી જોઇએ. સરકારે દેશ સમક્ષ તમામ બાબતો સ્પષ્ટ કરવી જોઈએ. કોંગ્રેસના અન્ય એક નેતા મનિષ તિવારીએ આ મામલામાં પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, જો કોઈ તપાસનો આદેશ આપવામાં આવે છે તો આની તમામ બાબતો સંસદ સમક્ષ રજૂ કરવી જોઈએ. આમા વાસ્તવિકતા શું છે તે અંગે લોકોને જાણ થવી જોઈએ.

**મોદી ૧૫મીએ દેશને સંબોધશે**

## મોદીનું ભાષણ તૈયાર કરવાનું કામ શરૂ થયું

નવી દિલ્હી,તા.૨૮

નરેન્દ્ર મોદી સરકારના પ્રથમ સામાન્ય બજેટથી લોકોને ખુબ જ અપેક્ષા હતી પરંતુ આમા કોઇ મોટી જાહેરાતો થઇ શકી નથી. હવે મોદી વહીવટીતંત્ર બજેટની કેટલીક દરખાસ્તો ઉપર ઝડપથી આગળ વધી રહી છે જેથી આગામી સપ્તાહમાં આને અમલી બનાવી શકાય. એવા પ્રયાસ પણ છે કે, ૧૫મી ઓગસ્ટના દિવસે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઐતિહાસિક લાલ કિલ્લાથી દેશને સંબોધન કરે ત્યારે તેમની પાસે યોજનાઓ અંગે વાત કરવાની તેમની પાસે તક રહે. કેબિનેટ સચિવ અજીત સેઠે પણ તમામ મંત્રાલયો અને વિભાગોને તમામ મહત્વપૂર્ણ મામલાઓમાં ૧૦મી ઓગસ્ટથી પહેલા પગલા લેવા સૂચના આપી છે. સ્વતંત્રતા દિવસ ઉપર વડાપ્રધાનના ભાષણની તૈયારી સારી રીતે કરી શકાય તેનો હેતુ રહેલો છે. ૨૬મી મેના દિવસે દેશના વડાપ્રધાન તરીકે શપથ લીધા બાદ નરેન્દ્ર મોદી દેશના નામ પ્રથમ વખત મહત્વપૂર્ણ સંબોધન કરનાર છે. નવી ભાજપ સરકાર આ પ્રસંગે પોતાની સફળતાને રજૂ કરવા ઇચ્છુક છે. વડાપ્રધાન કચેરી બજેટમાં કરવામાં આવેલી જાહેરાતોના અમલ ઉપર સીધી રીતે નજર રાખે છે. બીજી બાજુ પોલિસી મુદ્દાઓ ઉપર પણ નજર રાખવામાં આવી રહી છે. એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું છે કે, સરકાર વહેલીતકે હાલમાં લેવામાં આવેલા પગલાની એક યાદી તૈયાર કરનાર છે. બજેટની મોટાભાગની જાહેરાતોને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. તમામ યોજનાઓ ૧૦મી ઓગસ્ટ પહેલા અમલી બને તેનો મુખ્ય હેતુ છે.

## શેરબજારમાં મંદી : વધુ ૧૩૬ પોઈન્ટનો ઘટાડો

મુંબઈ, તા.૨૮

શેરબજારમાં બીજા દિવસે મંદીનો દોર રહ્યો હતો. સેંસેક્સ આજે ફરી એકવાર ૨૬૦૦૦ની નીચી સપાટીએ બંધ રહ્યો હતો. કારોબારના અંતે સેંસેક્સ ૧૩૬ પોઈન્ટ ઘટીને ૨૫૯૯૧ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટીમાં પણ ઉલ્લેખનીય ઘટાડો રહ્યો હતો. નિફ્ટી ૪૨ પોઈન્ટ ઘટીને ૭૭૪૯ની સપાટીએ રહ્યો હતો. છેલ્લા બે કારોબારી સેશનમાં સેંસેક્સમાં ૨૮૧ પોઈન્ટનો ઘટાડો થઈ ચુક્યો છે. આવતીકાલે ઇદના પ્રસંગે શેરબજારમાં રજા રહેશે. સેંસેક્સ અને નિફ્ટી બંને આજે નકારાત્મકરીતે બંધ રહ્યા હતા. માર્કેટ બ્રીડ્થ પણ નકારાત્મક રહી હતી. રિટેલ મૂડીરોકાણકારો તરફથી વેચવાલીના દબાણ વચ્ચે સ્મોલકેપ અને મિડકેપમાં ઘટાડો રહ્યો હતો. ૨૧મી જુલાઈ બાદથી સેંસેક્સ સૌથી નીચી સપાટીએ બંધ રહ્યો હતો તે દિવસે સેંસેક્સ ૨૫૭૧૫ની સપાટીએ રહ્યો હતો. ૧૫મીથી ૨૪મી જુલાઈ દરમિયાન આઠ કારોબારી સેશનમાં સેંસેક્સ અને નિફ્ટીમાં પાંચ-પાંચ



ટકાનો ઉછાળો નોંધાયો હતો જેથી આ બંને લાઈફટાઈમ હાઈ સપાટી ઉપર પહોંચ્યા હતા. આજે હિન્દુસ્તાન યુનિલીવરના શેરમાં સૌથી વધુ ૩.૬૯ ટકાનો ઉછાળો નોંધાયો હતો. ફોરેન પોર્ટફોલિયો મૂડીરોકાણકારો શુક્રવારે ૧૨૫.૫૧ કરોડની કિંમતના શેર ખરીદી લીધા હતા. શેરબજારના આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. એશિયન બજારમાં આજે તેજી રહી હતી. ચીન, હોંગકોંગ, જાપાન અને દક્ષિણ કોરિયામાં ચાવીરુપ ઈન્ડેક્સમાં ૦.૨૦ ટકાથી ૦.૪૧ ટકાનો ઉછાળો નોધાયો હતો જ્યારે તાઈવાન ઈન્ડેક્સમાં ૦.૨૦ ટકાનો ઘટાડો રહ્યો હતો. આજે શેરબજારમાં નકારાત્મક માહોલ રહ્યો હતો.

સેંસેક્સના ૩૦ શેર પૈકી ૨૧ શેરમાં મંદી અને નવ શેરમાં તેજી રહી હતી. કોલ ઈન્ડિયામાં ૩.૧૪ ટકાનો મોટો ઘટાડો રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, શુક્રવારે શેરબજારમાં છેલ્લા આઠ દિવસથી ચાલી રહેલી તેજી ઉપર બ્રેક મુકાઈ હતી. કારોબારના અંતે શુક્રવારે સેંસેક્સ ૧૪૫ પોઈન્ટ ઘટીને ૨૬૧૨૭ની નીચી સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૪૦ પોઈન્ટ ઘટીને ૭૭૯૦ની સપાટીએ રહ્યો હતો. ફોરેન ફંડ દ્વારા મજબૂત લેવાલી અને સ્થાનિક રિકવરીની અપેક્ષા વચ્ચે જોરદાર તેજી રહી હતી. સેંસેક્સમાં છેલ્લા આઠ કારોબારી દિવસ દરમિયાન ૧૨૬૫ પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો. ૧૫મી જુલાઈથી લઈને ૨૪મી જુલાઈ વચ્ચે છેલ્લા આઠ દિવસમાં સતત ઉછાળો નોંધાયો હતો. આજે કુલ ટર્નઓવરમાં ઘટાડો નોંધાયો હતો.









**દેશભરમાં રમઝાન ઈદની ઉજવણીનો માહોલ :** પવિત્ર રમઝાન માસમાં મુસ્લિમ શ્રધ્ધાળુઓએ કરેલા રોઝાની ઈફ્તારી કરવા નવી દિલ્હીમાં યોજાયેલી ઈફ્તાર પાર્ટીમાં કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી, આરજેડીના પ્રમુખ લાલુપ્રસાદ યાદવ, જનતા દળ યુનાઈટેડના અધ્યક્ષ શરદ યાદવ અને એનસીપીના નેતા તારિક અનવર સહિત અનેક મહાનુભાવોએ હાજરી આપી હતી. જયારે મુરાદાબાદની એક સ્કુલમાં બાળકોએ ઈદની ઉજવણીમાં એક ખાસ અંદાજ સાથે ભાગ લીધો હતો અને લોકસભાના સ્પીકર સુમિત્રા મહાજને પણ ઈન્દોરમાં વ્હોરા સમાજના સભ્યોને મળીને રમઝાન ઈદની શુભેચ્છાઓ પાઠવી હતી.

# સમાચાર ઝલક

- સોમનાથ, નાગેશ્વર, ઘેલા સોમનાથ સહિત અનેક શિવાલયોમાં ઘોડાપુર ઉમટયા.
- ખર્ચમાં નજીવા વધારા સાથે મધ્યાહ્ન ભોજનના ખર્ચમાં વધારો મંજુર થયો.
- ભૂજમાં પોલીસ સ્ટેશન ઉપર ટોળાનો હુમલો.
- માછીમારો માટે રાહત બાયોમેટ્રીકના બદલે કસ્ટમ કાર્ડથી દરિયો ખેડી શકાશે.
- રાજસ્થાનમાં અપૂરતા વરસાદથી દુષ્કાળનો ભય.
- ન્યાયાધીશોની નિમણુંક માટે નવી પદ્ધતિ અમલમાં મુકાશે.
- બનાસકાંઠા જિલ્લામાં પત્નીએ છુટાછેડા લેતાં બે વર્ષના માસુમ બાળકને નહેરમાં ફેંકી દીધો.
- ફિલિપાઈન્સમાં ૧૦ કરોડમાં બાળકનું સ્વાગત કરાયું. ફિલિપાઈન્સમાં વસ્તી ૧૦ કરોડને વટાવી ગઈ.
- સૂરતમાં હીરા ઉદ્યોગમાં અવિશ્વાસનું વાતાવરણ બે મહિનામાં ૧૦ પાર્ટીઓ ઉઠી ગઈ. ૧૫૦ કરોડ સલવાયા.
- ભરૂચ નજીક ગંભીર અકસ્માત - માતા-પુત્ર, બહેન અને દંપતી સહિત પાંચના કરૂણ મોત.
- પાકિસ્તાનની નાલાયકી, મુંબઈ હુમલા માટે હફિઝ સઈદને કલીન ચીટ આપી.
- શિલ્પા શેટ્ટીના પતિ રાજકુંદ્રા પાસે ૨૪૦૦ કરોડની સંપત્તિ.
- મથુરામાં પોસ્ટર્સ લાગ્યા. હેમામાલિની સંસદ સભ્ય ખોવાયા છે.
- ૨૮મી જુલાઈ વર્લ્ડ હીપેટાઈટીસ ડે તરીકે ઉજવાયો. વિશ્વમાં અઢી અબજ લોકો હીપેટાઈટીસથી પીડાય છે.
- નીચલી અદાલતોનાં વકીલો માટે કાળો કોટ ફરજીયાત નથી. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની સ્પષ્ટતા.
- નકલી સલમાન બની ફેસબુક યુવતીને ફસાવી.
- ધોલેરામાં ઈન્ટરનેશનલ વિમાની મથકને મંજુરી મળી.

## કિક ફિલ્મ નવા રેકોર્ડ સર્જવાની દિશામાં

મુંબઈ,તા.૨૮

સલમાન ખાન અભિનીત કિક ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર નવા રેકોર્ડ સર્જવાની દિશામાં આગળ વધી રહી છે.





આવતીકાલે ઇદના પ્રસંગે આ ફિલ્મ ૧૦૦ કરોડની કમાણીના આંકડા સુધી સરળતાથી પહોંચી જશે અને નવા રેકોર્ડ સર્જી શકે છે. જો કે કેટલાક લોકોનું કહેવું છે કે, ધુમ-૩ ફિલ્મની શરૂઆતની ત્રણ દિવસની કમાણી કરતા આ ફિલ્મની કમાણી ઓછી રહી છે. કિકની ડિસ્ટ્રીબ્યુશન કંપનીએ પણ આ બાબતને કબૂલી છે પરંતુ કહ્યું છે કે, શાહરુખની ચૈન્નાઈ એક્સપ્રેસ કરતા આ ફિલ્મની કમાણી શરૂઆતના દિવસોમાં વધુ શાનદાર રહી છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર આ વર્ષની સૌથી મોટી હિટ ફિલ્મ બનવાની દિશામાં આગળ વધી રહી છે.

**ચેતનાનો સમય** (પાના નં. ૪ નું ચાલુ)

બીજા એક કાવ્યમાં સરસ વાત કરી છે.

હે માનવ -

"જરાં હસતાં રમતાં જીવો
જગત બદલાઈ જશે,
સિરે ભાર લઈ ફરશો તો
જીવન કરમાઈ જશે
હસવા માટે જન્મ મળ્યો છે
હસતું મુખ તો સૌને ગમે છે
સદા આનંદે હૈયું સજાવો
જગત બદલાઈ જશે
હસવાથી હળવાશ રહે છે
રડવાથી ગમગીની વધે છે
ખુધ હસો ને સકલને હસાવો"

ટૂંકમાં ઈશ્વરે આપણને જે અમૂલ્ય એવું જીવન આપ્યું છે તેને હસતાં હસતાં વિતાવો હસે તેના ઘર વસે એ ન્યાયે સદા આનંદીત રહો. માથા ઉપર ભાર લઈને હાસ્ય ગુમાવીદેશો તો આ ફુલ સમાન જીવન કરમાઈ જશે હસવાથી હળવાશ રહે છે અને રડવાથી ચારેકોર ગમગીની વધે છે. પોતે હસો અને બીજાને હસાવો એ જ છે સાચું જીવન.

## સહારનપુર હિંસા : કર્ફ્યુમાં રાહત, પરિસ્થિતિમાં સુધાર

લખનૌ, તા.૨૮

ઉત્તરપ્રદેશના સહારનપુર જિલ્લામાં ભૂમિ વિવાદને લઈને કોમવાદી હિંસા ભડકી ઉઠ્યા બાદ આજે સ્થિતિમાં સુધાર થયો હતો જેથી કરફ્યુમાં કલાકો માટે રાહત આપવામાં આવી હતી. સવારે ૧૦ વાગ્યાથી લઈને બપોરે બે વાગ્યા સુધી નવા શહેરમાં અને જુના શહેરમાં બપોરે ૩ વાગ્યાથી સાંજે સાત વાગ્યા સુધી રાહત આપવામાં આવી હતી જેના કારણે લોકોએ જીવનજરૂરી ચીજવસ્તુઓની ખરીદી કરી હતી. જો કે, સતત ત્રીજા દિવસે પણ અજંપાભરી શાંતિ રહી હતી. ઉત્તરપ્રદેશ પોલીસે હિંસામાં સામેલ લોકોને શોધી કાઢવાની પ્રક્રિયા વધુ તીવ્ર બનાવી દીધી છે. હજુ સુધી કુલ ૩૮ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. ઉત્તરપ્રદેશ પોલીસે હજુ સુધી કુલ નવ એફઆઈઆર દાખલ કરી છે. ઉત્તરપ્રદેશના એડીજી મુકુલ ગોઈલે કહ્યું છે કે ઝડપાયેલા લોકો સામે નેશનલ સિક્યુરિટી એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. તેમણે વધુમાં કહ્યું હતું કે નેશનલ સિક્યુરિટી એક્ટ હેઠળ ઝડપાઈ ગયેલા લોકોની સામે સકંજો વધુ મજબુત રહેશે. તેમની ધરપકડની તારીખથી ઓછામાં ઓચા છ મહિના સુધી કોઈ પણ આધાર પર જામીન થશે નહી. પોલીસ સુત્રોએ કહ્યું છે કે આગામી દિવસોમાં ૧૦૦ એફઆઈઆર દાખલ કરવામાં આવી શકે છે. ગુનેગારોની ફોટાઓ અને વિડિયો મારફતે ઓળખ કરવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય શનિવારે કોમી હિંસા ભડકી ઉઠી હતી. લોકોને ઘરમાં જ રહેવા માટે પોલીસે સુચના આપી છે. સહારનપુરમાં સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. જિલ્લા અધિકારી સંધ્યા તિવારીએ કહ્યુ છે કે સ્થિતી ગઈકાલ કરતા હવે સારી છે. બીજી બાજુ મોતનો આંકડો વધીને ત્રણ થઈ ગયો છે. કોમી હિંસામાં ઘાયલ થયેલા કેટલાક લોકો હજુ



સારવાર હેઠળ છે. અત્રે ઉલ્લેખનીય છે કે સહારનપુરમાં શનિવારે કોમી હિંસામાં બે લોકોના મોત થતાં સંચારબંધી લાદી દેવામાં આવી હતી. સુરક્ષા વ્યવસ્થા પણ મજબૂત કરી દેવામાં આવી હતી. બે સમુદાય વચ્ચે જમીન વિવાદને લઈને લડાઈની શરૂઆત થઈ હતી. સહારનપુરના કુતુબશેર વિસ્તારમાં કોમી હિંસા ભડકી ઉઠી હતી. સહારનપુરના કમિશનર તન્વીર ઝફરઅલીએ કહ્યું છે કે, અથડામણ દરમિયાન પોલીસને ગોળીબારમાં ઈજા થઈ હતી. ઘાયલ થયેલા પોલીસ જવાનોને પીજીઆઈ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. શહેરી વિસ્તારોમાં સંચારબંધી લાગૂ કરીને હિંસા ઉપર ઉતરેલા લોકોને દેખો ત્યાંથી ઠાર કરોના આદેશ પણ જારી કરવામાં આવ્યા હતા. જિલ્લાના કુતુબશેર પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં અંબાલા રોડ ઉપર જમીનને લઈને બે સમુદાય વચ્ચે ઘણા સમયથી સંઘર્ષની સ્થિતિ હતી. બોલાચાલી બાદ ટૂંક સમયમાં જ જોરદાર પથ્થરમારો, આગના બનાવ અને ગોળીબાર થયા હતા. અનેક ગાડી અને દુકાનોને તોફાની ટોળાએ આગ ચાંપી દીધી હતી.

અત્યારે સ્કોટલેન્ડ ખાતે ચાલી રહેલ કોમન વેલ્થ ગેમ્સમાં પુરુષોની ૧૦ મીટર એર રાઈફલ શુટીંગમાં સુવર્ણચંદ્રક મેળવી ભારતનું નામ રોશન કરનાર સ્ટાર શુટર અભિનવ બિન્દ્રાનું દિલ્હી એરપોર્ટ પર ભવ્ય સ્વાગત કરવમાં આવ્યું હતું. અભિનવ બિન્દ્રાએ સુવર્ણચંદ્રક માટેની ભારતની આશાઓ તેમની ઉત્કૃષ્ઠ રમત દ્વારા પરિપૂર્ણ કરી છે.

